જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી,
અમદાવાદ શહેર (P.R.O.)
ટેલીફોન નંબર  ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,
૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

**તા.૨૭/૦૧/૨૦૨૫ સોમવાર**

**અમદાવાદ શહેર પોલીસ સમાચાર**

**નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ–** **સમાચાર યાદી નં.૧૨૬/૨૦૨૫**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૨૨ કેસ કરી, ૨૧ વ્યક્તિઓને ઝડપી, ૧૫૮ લીટર દેશી દારૂ, ૨૭ બોટલ ઈંગ્લીશ દારૂ, ૨૧૪ ક્વાર્ટર ઈંગ્લીશ દારૂ, ૧૭ બિયર ટીન, ૨ રિક્ષા અને ૧ સ્કુટર કબજે કર્યુ હતુ. તેમજ જુગાર ધારા હેઠળ ૨ કેસ કરી ૧૦ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૨૭,૩૮૦/– અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

**તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ–** **સમાચાર યાદી નં.૧૨૭/૨૦૨૫**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ બી.એન.એસ.એસ.૧૨૬,૧૨૮,૧૨૯,૧૭૦ મુજબ ૨૧ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

**ઘરફોડઃ–** **સમાચાર યાદી નં.૧૨૮/૨૦૨૫**

**નવરંગપુરાઃ** પ્રદીપભાઇ રામપ્રસાદ સંધીર (રહે. શિલાલેખ શાહીબાગ) એ નવરંગપુરા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૨૫/૦૧/૨૦૨૫ સાંજના ૬/૪૫ થી તા.૨૬/૦૧/૨૦૨૫ બપોરના ૨/૦૦ વાગ્યા સુધીના સમયગાળા દરમ્યાન નવરંગપુરા સી.જી.રોડ સમુદ્ર કોમ્પ્લેક્ષમાં આવેલ એ/૭૦૨ અજય ડીસ્ટીબ્યુટર્સ નામની પોતાની દુકાનનું તાળું તોડી અજાણી વ્યક્તિ દુકાનમાં પ્રવેશ કરી લોકરમાંથી રોકડ રૂપિયા ૭૫,૦૦૦/– ચોરી કરી લઇ ગઈ છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી જે.એન.દેસાઇ ચલાવે છે.

**સોનાનુ મંગળસુત્ર ખેચી તોડી લઈ ગયોઃ–** **સમાચાર યાદી નં.૧૨૯/૨૦૨૫**

**ઘાટલોડીયાઃ** વસંતીબહેન વા/ઓ રામચંદ્ર ઐયર (ઉ.વ.૬૫) (રહે. રાજવી ટાવર લક્ષ્મી ગાંઠીયા રથની ગલીમાં ગુરુકળ રોડ મેમનગર) તા.૨૫/૦૧/૨૦૨૫ સાંજના ૭/૪૫ વાગ્યાના સુમારે ગુરુકુળ રોડ લક્ષ્મી ગાંઠીયા રથની ગલીમાં હાઈટિક સોલ્યુશન બિલ્ડીંગ આગળથી ચાલતા પસાર થઈ રહ્યા હતા ત્યારે તેમની પાછળ ચાલતા આવી એક પુરૂષ વસંતીબહેનના ગળામાંથી સોનાનુ મંગળસુત્ર કિમત રૂપિયા ૧,૨૫,૦૦૦/– ખેચી તોડી લઈ નાસી ગયો હતો. આ અંગેની ફરીયાદ વસંતીબહેન ઐયર એ ઘાટલોડીયા પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી એચ.ડી.જોષી ચલાવે છે.

**અપમૃત્યુઃ–** **સમાચાર યાદી નં.૧૩૦/૨૦૨૫**

**વેજલપુરઃ** જુહાપુરા આમેના ખાતુન હોસ્પીટલ પાસે હાર્મોનિયમ સ્કિમ ખાતે રહેતા અને ત્યાં જ મજુરી કામ કરતા લલન સ/ઓ રામેશ્વર મહંતો (ઉ.વ.૪૫) (મુળ વતન. ગામ–રામક્રિશ્ના દુબિયાહી તા–થાના સરૈયા જી–મુઝ્ઝફપુર રાજય–બિહાર) તા.૨૬/૦૧/૨૦૨૫ સાંજના ૭/૦૦ વાગ્યાના સુમારે રહેણાંક ખાતે પ્રથમ માળથી નીચે પડી જતા ગંભીર ઈજાઓ થતા સારવાર માટે તેમને આમેના ખાતુન હોસ્પિટલ ખાતે લઈ જતા ફરજ પરના ડૉશ્રીએ તેમને મૃત જાહેર કર્યા હતા. આ અંગે વેજલપુર પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો. શ્રી સુરેન્દ્રસિંહ દોલતસિંહ ચલાવે છે.

**આત્મહત્યાઃ–** **સમાચાર યાદી નં.૧૩૧/૨૦૨૫**

**સાબરમતીઃ** સલેન્દર સ/ઓ કૃપાલ પ્રસાદ (ઉ.વ.૩૬) (મુળ વતન. પોસ્ટ.ઓ–બસાન, ટોલાનગરી, સિવાન બિહાર) એ અગમ્ય કારણસર તા.૨૬/૦૧/૨૦૨૫ સવારના ૩/૪૫ વાગ્યા પહેલા સાબરમતી ન્યુ રાણીપ સાવન બંગ્લોઝ ચાર રસ્તા સાવન બંગ્લોઝ એ.એમ.ટી.એસ.બસ સ્ટેન્ડ પાસે એચ.એસ.પટેલ ફાર્મની દિવાલ પાસે લીંમડાના ઝાડની ડાળી સાથે ગમછો બાંધી ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે સાબરમતી પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ વુ.મ.સ.ઈ.શ્રી કિંજલબહેન વિજયકુમાર ચલાવે છે.

**બાપુનગરઃ** જશુબહેન વા/ઓ કનુભાઇ ભરવાડ (ઉ.વ.૩૯) (રહે. મેઘા એપાર્ટમેન્ટ પ્રથમ માળ પાર્વતિનગરની અંદર રઘુનાથ સ્કૂલ પાછળ બાપુનગર) એ અગમ્ય કારણસર તા.૨૫/૦૧/૨૦૨૫ સાંજના ૭/૨૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે ગળેફાંસો ખાતા સારવાર માટે તેમને સ્ટાર હોસ્પિટલ ખાતે લઈ જતા ફરજ પરના ડૉશ્રીએ તેમને મૃત જાહેર કર્યા હતા. આ અંગે બાપુનગર પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઈ. શ્રી પી.આર.અમીન ચલાવે છે.

**દાણીલીમડાઃ** તલ્હા રમજાનીભાઇ અંસારી (ઉ.વ.૩૦) (રહે. ફૈસલનગર બોમ્બે હોટલ સામે નારોલ દાણીલીમડા) એ અગમ્ય કારણસર તા.૨૫/૦૧/૨૦૨૫ સાંજના ૬/૦૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે ગળેફાંસો ખાતા સારવાર માટે તેમને એલ.જી.હોસ્પિટલ ખાતે લઈ જતા ફરજ પરના ડૉશ્રીએ તેમને મૃત જાહેર કર્યા હતા. આ અંગે દાણીલીમડા પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી મહેબુબખાન નસીબખાન ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી